

# ધોલેરા બંદરે ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત મંદિરમાં શ્રી મદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠાની અનુપમ ગાથા

એ સમય હતો જ્યારે અમદાવાદ, ભુજ અને વડતાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત ત્રણેય ભવ્ય મંદિરોનાં શિખરે યુગલ ઉપાસનાની, સ્વામિનારાયણીય અસ્મિતાની ધજાઓ લહેરી રહી હતી. પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીનાં નામ અને કામના દસેય દિશાએ ડંકા ગુંજતા હતા. વડતાલમાં શ્રીજી મહારાજે ૧૮૮૨ની વસંતપંચમીએ સંપ્રદાયના બંધારણરૂપ 'શિક્ષાપત્રી' લખી અને અગણિત મુમુક્ષુઓએ કુસંગ, વ્યસન, વ્યભિચાર અને અંધશ્રદ્ધાને છોડી સત્સંગપ્રધાન જીવન જીવવાનું શરૂ કર્યું હતું. દિવ્યતાનો એ અનુપમ પ્રકાશ સર્વત્ર રેલાઈ રહ્યો હતો. અને જોતજોતામાં મહારાજે ધોલેરામાં સંપ્રદાયના ચોથા મંદિરના નિર્માણનું કાર્ય આરંભી દીધું.

વર્ષો પૂર્વે ભાલ પ્રદેશનું ધોલેરા એ ધોલપુર નામનું નાનું રજવાડું હતું. પ્રદૂષણ રહિત ને નૈસર્ગિક વાતાવરણ અને નાનાં-મોટાં સાત-આઠ તળાવોથી ઘેરાયેલું હતું. સ્વામિનારાયણ ભગવાન અને સંતો અવારનવાર ધોલેરા પધારતા, સત્સંગ કરાવતા ને દર્શન-સમાગમનું સુખ આપતા; તે સમયે ધોલેરા બંદર તરીકે વિકાસ પામ્યું હતું ને વેપાર-વ્યવહાર માટે ખૂબ પ્રખ્યાત હતું. ચાલીસ હજાર જેટલી ધોલેરાની વસતી હતી. ધોલેરાથી ૨૦ દેશો સાથે વેપાર-વ્યવહાર થતો હતો અને અંગ્રેજોના આવ્યા પછી તેઓએ પણ આ બંદરને વધુ વિકસાવ્યું હતું.

ધોલેરાનરેશ શ્રીમાન પૂંજાભાઈ દરબાર અને તેમનાં બહેનો અજુબા તેમજ ફૂલીબાની ભક્તિ અતુલનીય હતી. તેઓની તેમજ ગામના ભાવિક ભક્તોની ભક્તિને વશ શ્રીજી મહારાજ ધોલેરા પધાર્યા ત્યારે તેઓનું ભવ્યાતિભવ્ય સ્વાગત થયું. ધોલેરામાં હાલ જ્યાં ધર્મકુંડ સરોવર છે ત્યાં ઢોલિયા પર બિરાજિત થયા અને ત્યાં જ જમ્યા. સામે બેઠેલા ભક્તોનો અતિ ભાવ જોઈ પ્રભુએ અહીં મંદિર કરવા આજ્ઞા કરી. અત્યંત રાજી થકા શ્રીજી મહારાજે સ્વહસ્તે મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. શ્રીમાન પૂંજાબાપુએ મંદિરનિર્માણ માટે ધન, ધાન અને જમીનનાં સંપૂર્ણ દાન કર્યાં. શ્રીજી મહારાજે આ મંદિર કરવાની આજ્ઞા વૈરાગ્યમૂર્તિ સદ્ગુરુ સંત નિષ્કુળાનંદ સ્વામીને કરી અને તેમની સહાયમાં સદ્ગુરુ સંતો શ્રી અદ્ભુતાનંદ સ્વામી, શ્રી ભાયાત્માનંદ સ્વામી, શ્રી નિષ્કામાનંદ સ્વામી, શ્રી ત્યાગાનંદ સ્વામી, શ્રી અખંડાનંદ સ્વામી, શ્રી ધર્મપ્રસાદાનંદ સ્વામી આદિ સંતોને રોક્યા. કડિયાકામ માટે દયારામભાઈ અને ભૂષણકુમારને સેવા સોંપી. મંદિર તૈયાર થાય એટલે સંદેશો મોકલવાની મહારાજે આજ્ઞા કરી. શ્રીજી મહારાજે ત્યાંથી ભક્તોના મનોરથ સ્વીકારવા માટે સત્સંગયાત્રાએ પ્રસ્થાન કર્યું.

નિષ્કુળાનંદ સ્વામીને શિલ્પકળાનું ખૂબ ઊંડું જ્ઞાન હતું. તેઓની કલાત્મક કૃતિઓ સૌના જીવમાં બેસી જતી. મંદિરનિર્માણની સેવા દરમિયાન સ્વામી આસપાસનાં ગામોમાં વિચરણ કરતા. એક વખત સ્વામી ગાંફ ગામના ઠાકોર સાહેબ મનુભા બાપુના ઘરે પધાર્યા. સ્વામીની સંતદશા અને દેહાતીત અવસ્થાના અનુભવથી રંગાઈ ગયેલા મનુભાએ સ્વામીને ધન અને સોનામહોરો આપી મંદિરનિર્માણમાં વાપરવા વિનંતી કરી. ત્યારે સુવર્ણ અને ધનનો ત્યાગ કરી સ્વામીએ મનુભા પાસે તેમને ત્યાં જ ઉપસ્થિત સુંદર પથ્થર માંગ્યો અને કહ્યું કે, 'આપનાં સમર્પણ અને ભક્તિને આવનારી પેઢી કાયમ યાદ કરે તે માટે મંદિરના મુખ્ય દ્વારે આ પથ્થરમાંથી કલાત્મક કમાન કરીને મૂકવી છે.' એ પથ્થરમાંથી હાથી મુખાકૃતિ ધરાવતી અદ્ભુત કલાત્મક કમાન નિષ્કુળાનંદ સ્વામીએ બનાવી, જે આજે પણ સૌને ભક્તની, સંત અને પ્રભુ પ્રત્યેની ભક્તિની અનુભૂતિ કરાવે છે, મહેક પ્રસરાવે છે.

નિષ્કુળાનંદ સ્વામી રચિત કમાનો ભારતીય શિલ્પકલાનું બેનમૂન ઉદાહરણ છે, જે આજે પણ સંસ્કૃતિગૌરવની ગાથામાં શાશ્વત બની રહી છે. આ ઉપરાંત અનેક કૃતિઓ પણ સ્વામીએ બનાવી કળાધરોહરની અકલ્પ્ય ભેટ ધરી છે. સ્વામીના હાથમાં ટાંકણું હોય તો પથ્થર બોલતો થઈ જાય, રંધો હોય તો કાષ્ઠમાં ડિઝાઇન પડી જાય અને કલમ હોય તો કાવ્યો-કીર્તનો પલભરમાં રચાઈ જાય.

સ્વામીના સમાગમે ધોલેરામાં સત્સંગનો ખૂબ સમાસ થયો. ભક્તોમાં સેવા અને ભક્તિનો ઉત્સાહ વધ્યો. પ્રભુ ધોલેરામાં મંદિર કરવાના હતા તેનો આનંદ સૌનાં હૈયે એટલો બધો હતો કે, પૂંજાબાપુ અને અન્ય ભક્તોએ મંદિર માટે ઘણી મોટી જમીન મંદિરને ભેટ આપી.

નિષ્કુળાનંદ સ્વામીની સૂઝ, સમજ અને કળાપ્રાવીણ્યને પરિણામે ટૂંક સમયમાં જ પાંચ શિખરવાળું ભવ્ય મંદિર નિર્માણ પામ્યું. તેની શોભા અતિ ન્યારી હતી. મંદિર નિર્માણકાર્ય દરમિયાન અને નિર્માણ બાદ તેની મનોહર શોભાનાં દર્શન કરવા અનેક યાત્રિકો, પ્રવાસીઓ, શ્રેષ્ઠી અગ્રણીઓ, નગરજનો અને અંગ્રેજો સુદ્ધાં આવતા. મંદિરની કલાત્મક ભવ્યતાનાં દર્શન પામી સૌ કોઈ મંત્રમુગ્ધ થઈ જતાં. નિ:સંદેહ, આ મનોહર દિવ્યતાનો શ્રેય નિષ્કુળાનંદ સ્વામીની અદમ્ય ભક્તિને જ જાય!

નિષ્કુળાનંદ સ્વામીએ પોતાનું સંપૂર્ણ કૌશલ્ય મંદિરનિર્માણમાં વાપરી દીધું હતું. કેવળ પ્રભુને જ રાજી કરવાનો રાગ આ વૈરાગ્યમૂર્તિને મન હતો. માત્ર છાશ-રોટલો એક વાર જમતા અને મંદિરનું કાર્ય કરતા તેથી તેઓનું શરીર કૃશ થઈ ગયું હતું. એક વખત શ્રીજી મહારાજ ધોલેરા પધાર્યા ત્યારે નિષ્કુળાનંદ સ્વામી મંદિરનિર્માણની સેવામાં નિમગ્ન હતા. નિષ્કુળાનંદ સ્વામીની દેહભાવથી પર અવસ્થા અને કલાત્મક સેવાભક્તિને વશ થઈ શ્રીજી મહારાજ તેઓને ભેટ્યા અને કહ્યું કે, 'કોઈને ન આપી હોય તેવી ભેટ તમને આપવી છે.' આટલું કહી ચાદર મંગાવી અને એક સાથે ૧૮ જોડી ચરણારવિંદ મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને ભેટ આપ્યાં.

ભક્તોના આગ્રહથી શ્રીજી મહારાજ ભાલ પ્રદેશમાં કમિયાળા ગામે વિ. સં. ૧૮૮૨ના ચૈત્ર માસમાં શ્રી હરિનવમીનો ઉત્સવ કરવા રોકાયા હતા. આ સમૈયાની અમૃત સ્મૃતિ માણવા આસપાસનાં બધાં જ ગામોમાંથી ભક્તોની મેદની ઊમટી હતી. આ પ્રસંગે ધોલેરાથી શ્રીમાન પૂંજાભાઈ દરબાર તેઓનાં બહેનો સાથે પધાર્યા હતા. વળી, અદ્ભુતાનંદ સ્વામી પણ મંડળ લઈને શ્રીજી મહારાજનાં દર્શને પધાર્યા હતા. ગાંફ ગામથી મનુભા દરબાર, તેમના ત્રણ સુપુત્રો બાપુજીરાજજી, અર્જુનસિંહજી, રૂપસિંહજી અને ભાયાતોને સાથે લઈને શ્રી હરિનવમીના ઉત્સવને ઊજવવા સારુ પધાર્યા હતા. પીપળીથી દાદાભાઈ દરબાર પણ ભક્તો સાથે પ્રભુનાં દર્શને પધાર્યા. સમૈયો ભવ્ય થયો. સૌએ શ્રીજી મહારાજનાં દર્શન, સમાગમ અને આશીર્વાદનો ખૂબ લાભ લીધો. શ્રીજી મહારાજની દિવ્ય લીલાઓ માણી સૌ ધન્ય થયાં.

આ પ્રસંગે શ્રીમાન પૂંજાભાઈ દરબારે શ્રીજી મહારાજને વિનંતી કરી કે, 'હે પ્રભુ! આપની આશિષ ને આજ્ઞાથી નિષ્કુળાનંદ સ્વામી અને સંતો-ભક્તોએ ધોલેરામાં મંદિરનિર્માણનું કાર્ય સંપન્ન કર્યું છે. આપ અહીં પધાર્યા છો, તો જો આપ ધોલેરા પધારો તો મૂર્તિપ્રતિષ્ઠાનો મંગલ મહોત્સવ પણ ઉજવાઈ જાય.' મહારાજે તેમનો પ્રસ્તાવ સ્વીકાર્યો અને ધોલેરા જવા રાજી થયા. શ્રીજી મહારાજ થોડા જ દિવસોમાં ધોલેરા પધારવા નીકળ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ જઈ મુહૂર્ત નક્કી કરી જૂનાગઢ મંદિરનું ખાતમુહૂર્ત કરવાની પણ આજ્ઞા કરી. આમ, પાંચમા મંદિરનાં પણ પગરણ મહારાજે માંડ્યાં. જોગાનુજોગ જૂનાગઢ મંદિરનું ખાતમુહૂર્ત ગુણાતીતાનંદ સ્વામીના હસ્તે થયું કે, જેમણે પછીથી શ્રીજી મહારાજની આજ્ઞાથી મંદિરનાં નિર્માણ અને મહંતાઈની સેવા પણ શોભાડી.

શ્રીજી મહારાજ ધોલેરા પધાર્યા. અદ્ભુતાનંદ સ્વામીનો હાથ પકડી પ્રભુએ આખું મંદિર જોયું ત્યારે સાથે નિષ્કુળાનંદ સ્વામી પણ હતા. નિષ્કુળાનંદ સ્વામીની મૂક ભક્તિસભર સેવાનાં દર્શન કરી મહારાજ ખૂબ રાજી થયા. ટાંચાં સાધને, નાણાંની અછત વચ્ચે આવું કલાત્મક મંદિર કરવું એ અંતરની ભક્તિ વગર અશક્ય છે, એમ કહી પ્રભુએ સંતો પર વિશેષ રાજીપો વરસાવ્યો.

શ્રીજી મહારાજે નારાયણ જોષીને બોલાવી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ માટે મુહૂર્ત જોવડાવ્યું. ૧૯ મે ૧૮૨૬ એટલે કે સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩નું મુહૂર્ત મૂર્તિપ્રતિષ્ઠા માટે નક્કી થયું. તે દરમિયાન શ્રીહરિએ ગઢડામાં તૈયાર રાખેલ શ્રી રાધાકૃષ્ણની મૂર્તિઓ ધોલેરા મંદિરમાં પધરાવવા માટે અસવારો પાસે મંગાવી લેવા શ્રીમાન પૂંજાબાપુને આજ્ઞા કરી. પૂંજાબાપુની ખૂબ ઈચ્છા હતી કે, દાદા ખાચર અને તેમનો પરિવાર તથા ધર્મકુળ પણ મૂર્તિપ્રતિષ્ઠાના મંગલ પ્રસંગે પધારે. તેથી મહારાજે તે મુજબ અસવારો સાથે કહેવડાવ્યું. સ્વયં શ્રીજી મહારાજે દેશ-દેશાંતર પત્રો લખી ભક્તોને મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે તેડાવ્યા. મહારાજની આજ્ઞા મળતાં જ અસંખ્ય ભક્તો મહોત્સવમાં સહભાગી થવા પધાર્યા.

મૂર્તિઓ ધોલેરા આવી ગઈ, જેને એક ઓરડામાં પધરાવી જ્યાં આજે છત્રી છે, અને શ્રીજી મહારાજનાં ચરણારવિંદ સ્થાપિત કર્યાં છે. શ્રીહરિએ મૂર્તિઓનાં દર્શન કર્યાં અને કહ્યું કે, 'મૂર્તિઓ તો બહુ જ સુંદર અને ચમત્કારી છે!' શ્રીજી મહારાજે ઉમરેઠથી વિપ્ર હરિપ્રસાદ શર્માને વેદોક્તવિધિથી મૂર્તિપ્રતિષ્ઠા કરાવવા તેડાવ્યા. ઉમરેઠ, ભડિયાદ, રોજકા, પચ્છમ, ગાંફ, ધોલેરાના ભૂદેવો પણ વેદોક્તવિધિથી પ્રતિષ્ઠા કરાવવા પધાર્યા. ભવ્ય યજ્ઞ થયો ત્યારે શ્રી વિષ્ણુજી, શ્રી શિવજી, શ્રી સૂર્યનારાયણ દેવ, શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી આદિ દેવોની મૂર્તિમાં સાક્ષાત્ દેવો પ્રગટ થયા. પ્રતિષ્ઠાની તિથિ પ્રમાણે સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩ના શુભ દિવસે ધોલેરા ધામે શ્રીજી મહારાજે બાથમાં લઈ મૂર્તિઓ સિંહાસને પધરાવી અને શાસ્ત્રોક્તવિધિથી મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. સર્વત્ર જયજયકાર ગૂંજી ઊઠ્યો. મહારાજે શ્રીકૃષ્ણની મૂર્તિનું નામ 'શ્રી મદનમોહન દેવ' રાખ્યું અને પ્રતિષ્ઠા આરતી ઉતારી. આ પ્રસંગે મહારાજે આશીર્વાદ આપ્યા, "જે ભક્તિભાવથી આ મદનમોહનજીનાં પૂજન-સેવા કરશે તેના સર્વે મનોરથ પૂરા થશે." મંદિરનિર્માણનો શ્રીમાન પૂંજા દરબારનો સંકલ્પ મહારાજે પૂર્ણ કર્યો.

આમ, સમર્પણ, સેવા, ભક્તિની દિવ્ય ગાથાનું દિવ્ય ધામ ધોલેરા આજે પણ સંતો ને ભક્તોની સેવા-ભક્તિની મહેકથી શાશ્વત છે! સૂકા ભાલ પ્રદેશમાં ભક્તિની હરિયાળી આણનારું સ્થાન બન્યું અને ભગવાન શ્રી સ્વામિનારાયણની મંદિરનિર્માણની હારમાળામાં ચોથું પુષ્પ અર્પણ થયું તે ધોલેરાધામ! ◆